# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/


સત્યમેવ જયતે

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/પરચ/૨૦૧૯/૨૪૭ — સ્મૃતિ પત્ર-૧ — તા.૨૯/૦૭/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ

પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ

જિ.ભાવનગર

વિષય : એક બાળ-એક વૃક્ષ અને ૭૦ મા વન મહોત્સવ નિમિત્તે રાજ્યની તમામ શાળાઓમાં વૃક્ષારોપણ કરવા બાબત.

સંદર્ભ : ૧)કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરના તા.૦૭-૦૬-૨૦૧૯ ના પત્ર મુજબ
૨)અત્રેની કચેરીના પત્રાંક યોજના/પરચ/૨૦૧૯/૧૮૭, તા.૧૦/૦૬/૨૦૧૯
૩)કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રાંક : માધ્ય/પરચ/૨૦૧૯/૨૦૩૪૩-૭૬ તા.૧૭/૦૭/૨૦૧૯, ૧૭/૦૭/૨૦૧૯
૪)અત્રેની કચેરીના પત્રાંક યોજના/પરચ/૨૦૧૯/૨૪૭, તા.૧૭/૦૭/૨૦૧૯
૫)અત્રેની કચેરીના પત્રાંક યોજના/પરચ/૨૦૧૯/૨૪૭, તા.૨૫/૦૭/૨૦૧૯
૬) માન. શ્રી રાવ સાહેબ દ્વારા તા.૨૯/૦૭/૨૦૧૯નાં રોજ વીડીયો કોન્ફરન્સમાં આપવામાં આવેલ સૂચના

ઉપરોક્ત વિષય સંદર્ભે જણાવવાનુ કે ઉપર આપેલ દરેક શાળાઓએ નીચે આપેલ સૂચનાઓનું પાલન કરવા જણાવવામાં આવે છે

- દરેક શાળાઓએ મધ્યાહ્ન ભોજનમાં ઉપયોગમાં લઈ શકાય તેવા વૃક્ષો(ખાસ કરીને સરગવો) વાવવાનાં રહેશે. આ ઉપરાંત ફ્રુટ્સ અને મેડીસીનને(તુલસી/લીમડો/અશ્વગંધા, એલોવેરા વગેરે) લગત વૃક્ષો-છોડ પણ વાવી શકાય.
- દરેક શાળાઓમાં <u>૩૦ થી ૫૦ સરગવાનાં વૃક્ષો ફરજીયાતપણે વાવવાનાં રહેશે</u>, મધ્યાહ્ન ભોજનમાં બાળકોને સરગવાનાં પાન અને સરગવાની શીંગ દાળ અને શાકમાં પણ આપી શકાય તે રીતે આયોજન કરવું સરગવો ઉગાડવો પણ ખૂબ સહેલો છે અને તેનાં બીજ પણ સરળતાથી મળી રહે છે. સરગવો પોષ્ટીક આહાર તરીકે હોય તેનો ઉપયોગ વધારે કરવો. કુપોષીત બાળકોને પણ સરગવો આપવાથી ફાયદો થઈ શકે તેમ છે.
- બાળકનાં રમતનો મેદાનમાં વૃક્ષારોપણ કરવાનું નથી પરંતુ મેદાનની બાઉન્ડ્રીમાં વૃક્ષો વાવી શકાય.
- ગ્રામ વાટીકા સુકાઈ ગયેલ હોય ત્યાં પણ બાલવાટીકા બનાવીને વૃક્ષો વાવી શકાય

Scanned by CamScanner

- ઈકો ક્લબની ફાળવવામાં આવતી ગ્રાન્ટનો ઉપયોગ કીચન ગાર્ડન, સ્કૂલ નર્સરી, વૃક્ષારોપણ-વનીકરણ માટે ઉપયોગમાં લેવી. જે બાબત ખાસ ધ્યાને લેશો
- વિદ્યાર્થીઓને પણ આ કામગીરીમાં ભાગીદાર બનાવવા ચોક્કસ પ્લાનીંગ અને મોનીટરીંગ હાથ ધરવાનું છે.
- શાળામાંથી વહી જતું વેસ્ટેજ પાણી નર્સરી/વૃક્ષનાં વાવેતર વિસ્તારમાં જાય તે રીતે વહેણ બનાવીને પાણીનો યોગ્ય જગ્યાએ નિકાલ કરી શકાય
- આપની શાળાને આપેલ ટાર્ગેટ (એક બાળ-એક વૃક્ષ) પૂર્ણ થાય એ ખાસ જરૂરી છે. માત્ર વૃક્ષ/છોડ વાવવામાં આવે એ પુરતું નથી, તેને ઉછેરવાનાં પણ છે (જેનું સમયાંતરે એપ દ્વારા અપડેટ પણ આપવાનું રહેશે.)
- માન. શ્રી રાવ સાહેબ જે પણ શાળાની મુલાકાત લેશે ત્યારે આ બાબતની ખાસ નોંધ લેવાનાં હોય આ બાબતે જરૂરી તકેદારી રાખશો.
- એક બાળ-એક વૃક્ષની એપ્લિકેશનમાં તમામ એન્ટ્રી ફરજીયાતપણે કરવાની રહેશે વૃક્ષારોપણ કર્યા પછી સમયાંતરે તે વૃક્ષોનો યોગ્ય ઉછેર થાય અને તેમાં કેટલી પ્રગતિ થઈ તેનો અહેવાલ પણ એપ દ્વારા આપવાનો રહેશે, આથી આ પ્રવૃતિની ગંભીર નોંધ લઈ કાર્ય કરવાનું રહેશે.
- એક બાળ-એક વૃક્ષની એપ્લિકેશન મેળવવા માટે શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી સંપર્ક કરવો.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ રવાના અમલવારી સારૂ:</u>

શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી, સદર કચેરી

Scanned by CamScanner